### મહર્ષિ અરવિંદની 150મી જન્મ જયંતીની ઉજવણી કરાશે

# રાજમાતા શુભાંગીનીદેવી ગાયકવાડે આર્ટ્સ ફેકલ્ટીની મુલાકાત લીધી

**રીનોવેશનની** કામગીરી નિહાળી મહર્ષિ અરવિંદ અભ્યાસ કરાવતા તે રૂમનું નિરીક્ષણ કર્યું



(પ્રતિનિધિ) વડોદરાતા.25, મહર્ષિ અરવિંદની 150મી જન્મ જયંતિ ઉજવવામાં આવનાર હોઈ વડોદરાના રાજમાતા અને એમ એસ યુનિવર્સીટીના કુલપતિ શુભાંગિનીદેવી ગાયકવાડે આર્ટ્સ ફેકલ્ટી ખાતે ચાલી રહેલી રીનોવેશનની કામગીરી નિહાળી હતી અને મહર્ષિ અરવિંદ જે રૂમમાં અભ્યાસ કરાવતા તે રૂમમાં જઈને તેમની દિપ પ્રકટાવી પુષ્પાંજલિ અર્પિ હતી. સાથે રાજવી સમરજીતસિંહ ગાયકવાડ પણ જોડાયા હતા.

કેન્દ્ર સરકાર દ્વારા મહર્ષિરવિંદની 150મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવનાર હોઈ તે કમિટીના સભ્ય અને યુનિ.ના કુલપતિ શુભાંગદેવી ગાયકવાડ દ્વારા આર્ટ્સ ફેકલ્ટીની મુલાકત લેવામાં આવી હતી અને મહર્ષિ અરવિંદ આર્ટ્સ ફેકલ્ટીમાંઅભ્યાસ કરતા તે રૂમની મુલાકાત લઈને રિનોવેશનની ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. મહર્ષિ અરવિંદ બરોડા કોલેજમાં 10 વર્ષ સુધી પ્રિન્સિપાલ રહ્યા હતાં.

મહર્ષિ અરવિંદની આગામી 150મી જન્મ જયંતીની ઉજવણી કરાઈ રહી છે

વિખ્યાત આધ્યાત્મિક ગુરૂ અને વડોદરાનું ઘરેણું કહી શકાય એવા મહર્ષિ અરવિંદની આગામી 150મી જન્મ જયંતીની કેન્દ્ર સરકાર ઉજવણી કરવામાં આવી રહી છે. તે માટે રચવામાં આવેલી 53 સભ્યોની સમિતિમાં વડોદરાના રાજમાતા અને એમ.એસ.યુનિવર્સિટીના ચાન્સેલર શુભાંગિનીદેવી ગાયકવાડને નિયુક્તિ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી હતી.